PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/પ૩/ક્વા–૦૨/૧૮–૧૯/ 9452-3 તા 15-10-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
બળવા મુળજીભાઈ કરશનભાઈ,
ગામ: ભોડદર
તા.રાણાવાવ – 360570
વાયા – રાણા કંડોરણા, જી. પોરબંદર
મો: ૯૭૩૭૫ ૮૪૬૭૩

**વિષય :–રહેણાંક ના મકાન પરથી પસાર થતા ૧૧ કેવી વાયર દુર કરવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૧–૦૯–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :પ૩/ક્વા–૦૨/૧૮–૧૯ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી ,પોરબંદર

… સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી,રાણાવાવ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૫૩/કવા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૦૪–૧૦–૧૮ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: બળવા મુળજીભાઈ કરશનભાઈ, ગામ: રાણાવાવ**

**રજુઆત કરનાર: અરજદાર બળવા મુળજીભાઈ કરશનભાઈ હાજર રહેલ છે.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી,રાણાકડોરણા (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી ,પોરબંદર)**

**રજુઆત કરનાર :ડી.એમ.કામાણી – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી ,પોરબંદર**

---

**: હુકમ :**

**ફરીયાદ : રહેણાંક ના મકાન પરથી પસાર થતા ૧૧ કેવી વાયર દુર કરવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, , તેઓના રહેણાંક ના મકાન પરથી વાડી વિસ્તારની ૧૧ કેવી ની વીજલાઈન પસાર થાય છે. જે જુની અને જર્જરીત હાલત મા છે, અમો આશરે રહેઠાણમાં ૧૫ વર્ષ થી રહીએ છીએ – તેઓએ તેમને સબંધક પેટા વિભાગીય કચેરીમાં વારંવાર લેખીત / મૌખિક રજુઆતો આપેલ હોવા છતા પણ કોઈ કાર્યવાહી કરાયેલ નથી. અગાઉ ૩૫ જેટલા મકાનો પરથી વીજલાઈન પસાર કરાયેલ હતી, જે દુર કરાયેલ છે. પરંતુ, તેઓના ૦૫ જેટલા મકાનો પરથી વીજલાઈન દુર કરાયેલ નથી.વધુમાં તેઓ સદર ગામ મા રહેતા હોય અને ભાડોદર ની શાળા ના આચાર્ય છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી બળવા મુળજીભાઇ કરશનભાઇના ઠોયાણા ભોડદર ગામે આવેલ મકાન પર થી ૧૧ કેવી વીજ લાઇન ના વાયર પસાર થાય છે. સદર લાઇન જે ૧૧ કેવી ઠોયાણા અતિશય જુની છે. જે ગામના પાદરમાથી નીકળતા ખેતીવાડી ગ્રુપમાં વિજ પ્રવાહ પુરો પાડવા માટે જુની હયાત છે. અરજદાર દ્રારા સદર લાઇન ની નીચે ખેતીની જમીનમાં પોતાની રીતે બિનખેતી કરાવ્યા વગર કે કોઇ પરમીશન સરકારી ઓથોરીટીની મજુરી લીધા વગર લાઇનની નીચે રહેણાકના મકાનો બનાવી દીધેલ છે. આ અરજદારને તેમજ લાઇન નીચે મકાન બનાવનાર તમામ મકાન ધારકોને રાણાકડોરણા પેટા વિભાગીય કચેરીના નાયબ ઇજનેર દ્રારા ભારતીય વિજ નિયમન ૧૯૫૬ એકટના કાયદાની કલમ ૭૭, ૭૯ અને ૮૦ મુજબ મકાન અને હયાત જુની વિજલાઇન વચ્ચેનું અંતર જળવાતું ન હોય આથી બાધકામ દુર કરવા નોટીસ પાઠવેલ છે. તેમ છતા અરજદાર દ્રારા પશ્ચિમ ગુજરાત વિજ લી કંપનીના પ્રવતમાન નિયમ મુજબનો લાઇન શિફટ કરવા બાબતને જરૂરી ચાર્જ ભરપાઇ કર્યે અને સદરહું કામ માટે વાંધો અડચણ ઉભી થાયતો અરજદાર દ્રારા નિરાકરણ કર્યે સદરહુ લાઇન શિફટ કરવાનું કામ કરી આપવામાં આવશે. સદર વિગતવાળી લાઇન ગામના સાંકળા રસ્તા પર થી પસાર થતી હોય શિફટીગ કરી અન્ય જગ્યાએ ફેરવવાની કાર્યવાહી સરળ નથી. આજુબાજૂ માં રહેણાકના મકાનો તેમજ ગામનો મુખ્ય રસ્તો હોય લાઇન શિફટીગ શકય નથી. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **3.1** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી બળવા મુળજીભાઇ કરશનભાઇના ઠોયાણા ભોડદર ગામે આવેલ મકાન પર થી ૧૧ કેવી વીજ લાઇન ના વાયર પસાર થાય છે. સદર લાઇન જે ૧૧કેવી ઠોયાણા અતિશય જુની છે. જે ગામના પાદરમાથી નીકળતા ખેતીવાડી ગ્રુપમાં વિજ પ્રવાહ પુરો પાડવા માટે જુની હયાત છે. તેમજ તા.૨૭–૦૯–૧૮ ના રોજ કરાયેલ રોજકામ મુજબ –(૧) શ્રી બળવા મુળજીભાઇ કરશનભાઇ (૨) શ્રી દિનેશભાઈ મુળજીભાઇ બળવા (૩) શ્રી મુળજીભાઇ દેવાભાઈ બળવા (૪) હિરાભાઈ દેવાભાઈ બળવા (૫) દેવશી કરશનભાઈ બળવા ના મકાન પરથી વીજ લાઈન પસાર થાય છે. વધુમાં ઉપરોકત મુદદા નં. ૨.૧ મા જણાવ્યા મુજબ ની વિગતે – અરજદાર દ્વારા સદર લાઇન ની નીચે ખેતીની જમીનમાં પોતાની રીતે બિનખેતી કરાવ્યા વગર કે કોઇ પરમીશન સરકારી ઓથોરીટીની મજુરી લીધા વગર લાઇનની નીચે રહેણાકના મકાનો બનાવી દીધેલ છે. જે અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદાર ને તા.૨૮–૦૯–૧૮ ના રોજ રજીસ્ટર્ડ ટપાલ દ્વારા નોટીસ મોકલાવેલ તે મુજબ અરજદારને તેમજ લાઇન નીચે મકાન બનાવનાર તમામ મકાન ધારકોને રાણાકડોરણા પેટા વિભાગીય કચેરીના નાયબ ઇજનેર દ્વારા ભારતીય વિજ નિયમન ૧૯૫૬ એકટના કાયદાની કલમ ૭૭, ૭૯ અને ૮૦ મુજબ મકાન અને હયાત જુની વિજલાઇન વચ્ચેનું અંતર જળવાતું ન હોય આથી બાધકામ દુર કરવા નોટીસ પાઠવેલ છે. |
| **3.2** | ફોરમ કમિટી મીટીગ તા.૦૪–૧૦–૧૮ મા અપાયેલ સુચના મુજબ – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી ,પોરબંદર ના ઈમેઈલ તા.૧૦–૧૦–૧૮ અન્વયે – પેટા વિભાગીય કચેરી,રાણાકંડોરણા ના પત્ર નં.–૪૯૮૬ તા.૧૦–૧૦–૧૮ મુજબ અગાઉ ગ્રામસભા મા થયેલ રજુઆત અન્વયે – ભોળદર ગામ ના વણકરવાસ પાસેથી પસાર થતી વીજલાઈન ફેરવવા માટે – ઈ–ઉર્જા સીસ્ટમમાં પ્રોજેકટ નં.–૧૫૭૯૩૬ તા.૨૧–૧૧–૧૬ ના રોજ – સીસ્ટમં ઈમ્પ્રુવમેન્ટ યોજના હેઠળ – વીજલાઈન અકસ્માત ન થાય – તે હેતુ થી મંજુર કરાયેલ – જે અનુસંધાને – સર્વે મુજબના નકશા પ્રમાણે – જે તે સમયે સદર અરજદાર ના મકાન પાસે વીજલાઈન ફેરવવા માટે – પોલ સાઈડમાં ઉભા કરેલ છે. પરંતુ, ગામલોકો દ્વારા જે તે સમયે વાંધો લઈ અને કામગીરી અટકાવેલ હોય – સદર કામગીરી બાકી રહી ગયેલ છે. |
| **3.3** | સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે – અરજદાર ની રજુઆત મુજબ – તેઓના રહેણાંક ના મકાન પરથી વાડી વિસ્તારની ૧૧ કેવી ની વીજલાઈન પસાર થતી હોય – જે ફેરવવા માટે પ્રોજેકટ મંજુર કરાયેલ હોવા છતા – અન્ય ગામલોકો ના વાંધા ને લીધે બાકી રહેલ છે. જે, બાકી રહેલ કામગીરી મંજુર કરાયેલ પ્રોજેકટ મુજબ પૂર્ણ કરવી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે, વધુમાં જે તે સમય થી અત્યાર સુધી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – સદર કેઈસ ને લગતી કામગીરી પૂર્ણ કરવા કોઈ નકકર કાર્યવાહી કરાયેલ હોય તે અંગે ના કોઈ જ પુરાવા રજુ કરાયેલ નથી, જે બાબત ગંભીર હોય – ભવિષ્યમાં આવી કોઈ જ બાબત નુ પુનરાવર્તન ન થાય તે માટે સમયાંતરે – સદર પ્રકારના કેઈસોની સમીક્ષા કરી નિકાલ કરવા માટે ની – પીજીવીસીએલ પક્ષકાર ને ખાસ તાકીદ સાથે ની જાણકારી આપવામા આવે છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **4.1** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતેની કાર્યવાહી કરવા માટે ની જાણકારી પીજીવીસીએલ પક્ષકાર ને આપવામા આવે છે. |

ગેરહાજર

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**(એન.ડી.ધામેલીયા)**
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

~~(ટી.બી.ભીમાણી)~~
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.